પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૬૪ | ૪ ડિસેમ્બર, ૨૦૧૭, સોમવાર ; માગસર વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### ઓએનજીસીનો ૧૮ ટકા હિસ્સો વેચાશે

ઓએનજીસીમાં ખાનગી કંપનીઓનો હિસ્સો વધારવાના ભાગરૂપે આગામી દિવસોમાં ૧૮ ટકા હિસ્સો વેચવાની જાહેરાત કંપનીના અધિકારીઓએ કરી છે. જોકે આ નિર્ણય સામે કંપનીના કર્મચારીઓ વિરોધ કરી રહ્યા છે.

### મુદ્રા પોર્ટથી દાણચોરીની ૩૦૦ વોકીટોકી ઝડપાઈ

ડિરેકટોરેટ ઓફ રેવેન્યુ ઈન્ટીલીજન્સ, અમદાવાદ દ્વારા મુદ્રા પોર્ટ પર દરોડો પાડી ૩૦૦ વોકીટોકી ઝડપી લીધા છે. આ વોકીટોકી દાણચોરીની હોવાનું કહેવાય છે.

### ઓખી વાવાઝોડુ રાષ્ટ્રીય આફત નહી

દક્ષિણના દરિયા કિનારાના રાજ્યોમાં તબાહી મચાવનાર ઓખી વાવાઝોડાને રાષ્ટ્રીય આફત તરીકે ગણવાનો કેન્દ્રએ ઈન્કાર કર્યો છે.

### પહેલી ફેબ્રુઆરીએ દેશનું સામાન્ય બજેટ

દેશના નાણામંત્રી અરૂણ જેટલી પહેલી ફેબ્રુઆરીના રોજ દેશનું સામાન્ય બજેટ રજૂ કરશે. જીએસટી બાદ સરકારનું આ પહેલુ સામાન્ય બજેટ હશે. સંસદના બજેટ સત્રની શરૂઆત રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના અભિભાષણથી કરવામાં આવશે. સંસદના બંન્ને સદનમાં સયુંક્ત સત્રનું આયોજન ૩૦ જાન્યુઆરીના રોજ કરવામાં આવશે.

# ગુજરાતની પ્રગતિ કોંગ્રેસને ખૂંચે છે : મોદી

## મોદીનું મિશન ગુજરાત, ભરુચમાં જંગી જનમેદનીને સંબોધી કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા : વિકાસ એ જ અમારૂ લક્ષ્ય, એ જ અમારો માર્ગ, યુપીવાળા કોંગ્રેસને ઓળખી ગયા, ગુજરાત પણ તેના રંગ જાણે છે



ભરુચ,તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસની હારમાળા શરૂ થઈ ગઈ છે. ૩જી અને ૪થી ડિસેમ્બર દરમિયાન પીએમ મોદી ફરી એકવાર ગુજરાતના પ્રવાસે છે. રવિવારે ૩જી ડિસેમ્બરના રોજ તેઓ ભરૂચ, સુરેન્દ્રનગર અને રાજકોટમાં રેલીઓ સંબોધનાર છે. જે વિસ્તારોમાં ભાજપને બળની જરૂર છે, એ વિસ્તારોમાં ખૂબ રણનીતિપૂર્વક પીએમ મોદીની સભાઓનું આયોજન કરવામાં આવ્યું છે. રવિવારે સૌ પ્રથમ નરેન્દ્ર મોદીએ ભરૂચના આમોદમાં જનસભા સંબોધી હતી. ભરૂચના આમોદ ખાતે સાફો પહેરાવી અને તલવાર આપીને પીએમ મોદીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમના સંબોધન પહેલાં 'મોદી-મોદી'ના નારા લાગ્યા હતા.

નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, ઉત્તરપ્રદેશ નહેરુજીની કર્મભૂમિ રહ્યું છે, સોનિયા ગાંધી, ઈન્દિરા ગાંધી અને રાહુલ ગાંધીની પણ કર્મભૂમિ રહી છે. આમ છતાં ઉત્તરપ્રદેશમાં શું થયું? ગુજરાતમાં ૯ ડિસેમ્બરના રોજ આપણે ગુજરાતનું ભાવિ નક્કી કરવાનું છે. ગુજરાતના લોકો તો

● અનુસંધાન પાન-૫ પર

# આ વર્ષે પાકિસ્તાને ૭૨૦ વાર યુદ્ધવિરામનો ભંગ કર્યો

## ૨૦૧૬માં ૪૪૯ વખત યુદ્ધ વિરામ ભંગ કરવામાં આવ્યો



નવી દિલ્હી,તા.૩

પાકિસ્તાને આ વર્ષે આંતરરાષ્ટ્રીય સરહદ અને વાસ્તવિક અંકુશ રેખા ઉપર ૭૨૦ વખત યુદ્ધ વિરામનો ભંગ કર્યો છે. છેલ્લા સાત વર્ષમાં સંઘર્ષ વિરામના ભંગનો આંકડો સૌથી વધારે નોંધાયો છે. કેન્દ્રીય ગૃહમંત્રાલય તરફથી જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, પાકિસ્તાની સુરક્ષા દળોએ આંતરરાષ્ટ્રીય સરહદ અને એલઓસી પર આ વર્ષે ઓક્ટોબર સુધી ૭૨૪ વખત યુદ્ધવિરામનો ભંગ કર્યો છે. ૨૦૧૬માં પાકિસ્તાની સુરક્ષા દળો દ્વારા ૪૪૯ વખત યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવ્યો હતો. મંત્રાલયના આંકડા મુજબ ઓક્ટોબર સુધી પાકિસ્તાન તરફથી કરવામાં આવેલા ગોળીબારમાં ૧૨ નાગરિકો અને ૧૭ સુરક્ષા જવાનો શહીદ થયા છે. એટલું જ નહીં પાકિસ્તાનના ગોળીબારમાં ૭૯ નાગરિકો અને ૬૭ સૈનિકો ઘાયલ થયા છે. પાકિસ્તાન અને ભારત વચ્ચે વર્ષ ૨૦૦૩થી આંતરરાષ્ટ્રીય સરહદ અને એલઓસી પર યુદ્ધ વિરામ અમલી છે પરંતુ સામાન્યરીતે પાકિસ્તાન આ સમજૂતિને ભંગ કરીને ગોળીબાર કરે છે.

# યુપીના પરિણામ પર અખિલેષના સવાલો



લખનઉ,તા.૩

ઉત્તર પ્રદેશમાં નગર નિગમની ચૂંટણીમાં કેસરિયો લહેરાયા બાદ કેન્દ્ર સરકાર તેમજ પ્રાદેશિક સરકાર જ્યા બહુ ખુશ જોવા મળી રહી છે ત્યાં જ વિપક્ષ આ ચૂંટણી પરીણામોને બીજી રીતે જોઈ રહ્યો છે. નગર નિગમની ચૂંટણીમાં ૪૬ ટકા બેઠકો પર જીતનારી ભાજપને નગર પાલિકા અને નગર પંચાયતની ચૂંટણીમાં ૧૫ ટકા બેઠકો પર જ જીત મળી છે.

ખાસ વાત તો એ છે કે જ્યા નગર નિગમમાં ઈવીએમ મશીનથી મતદાન થયું હતું ત્યા નગર પંચાયત અને પાલિકામાં મતદાન માટે મતપત્રોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વિપક્ષી દળ માં ખાસ કરીને સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ અને બહુજન સમાજ પાર્ટીના સુપ્રીમો માયાવતીએ આ મુદ્દે સવાલ ઉઠાવ્યો છે.

બીએસપીના સુપ્રીમો માયાવતીએ ભાજપને આડે હાથ લેતા કહ્યું કે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીને લઈને વિધાનસભા

● અનુસંધાન પાન-૫ પર

# જીએસટીમાં હજુ મહત્વના સુધારા થવાની સંભાવના

ન્યુ દિલ્હી,તા.૩

જીએસટીની તકલીફો દૂર કરવા માટે ઝડપથી તેમાં કોઈ નવા સુધારા લાવવામાં આવે તેવી શક્યતાઓ રહેલી છે. ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓની પેનલ જીએસટીમાં આવી રહેલી તકલીફોને દૂર કરવા માટે કેટલાક નવા સુધારાની ભલામણ કરવા જઈ રહી છે. સરકારે જીએસટીમાં આવી રહેલી મુશ્કેલીનો રિવ્યુ કરવા માટે ૬ સભ્યોની જીએસટી લો રિવ્યુ કમિટીની નિમણૂંક કરી હતી.કેન્દ્ર સરકાર જીએસટીમાં આવી રહેલી તકલીફોને જોતા જીએસટીમાં અત્યાર સુધી ઘણા ફેરફાર કરી ચૂકી છે. થોડા સમય પહેલા જ જરૂરી ઉપયોગની કેટલીય વસ્તુઓના જીએસટી સ્લેબમાં ફેરફાર કર્યો હતો. આ ફેરફાર પછી કેટલીય વસ્તુઓના ભાવમાં ઘટાડો થયો હતો, જેનો સીધો ફાયદો ગ્રાહકોને સતત મળી રહ્યો છે. સુત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર જીએસટીમાં આશરે ૧૨ જેટલી જગ્યાઓ પર સુધારો લાવવાની જરૂરિયાત વર્તાઈ રહી છે.

થોડા સમય પહેલા જીએસટીમાં થયેલા બદલાવના કારણે જીએસટી સરળ બન્યો છે. પરંતુ પેનલ ત્રિમાસીક ગાળામાં જીએસટી રિટર્ન ફાઈલ કરવાના નિયમને અસ્થાયી બનાવવા માંગે છે. કમિટી જીએસટી રિટર્ન ફોર્મને પણ સરળ બનાવવા માંગે છે. આમ કરવાથી રિટર્ન ફાઈલ કરવાની પ્રક્રિયાને સરળ બનાવી શકાશે. કમિટી જીએસટી એકસપોર્ટ આર્કિટેક્ચર બદલાવ કરીને જીએસટી લાગુ થવાથી પહેલાની જેમ બનાવવા માંગે છે.



જનક્રાંતિ રેલી - સુરત ખાતે પાટીદાર અનામત આંદોલન સમિતિ દ્વારા રવિવારે જનક્રાંતિ મહારેલીનું આયોજન કરાયું હતું... હાર્દિકના નેતૃત્વમાં યોજાયેલી રેલીમાં હજારો પાટીદારો જોડાયા હતા... જય સરદાર - જય પાટીદારના સૂત્રોચ્ચાર સાથે રેલી સુરતના પાંચ વિધાનસભા વિસ્તારોમાં ફરી હતી... એકાદ જગ્યાએ ભાજપના કાર્યાલયના બોર્ડ પણ કેટલાક તત્વો દ્વારા ફાડી નંખ્યા હતા...

# માંગરોળ-માળિયા તાલુકામા તંત્ર હાઈએલર્ટ

## ઓખી વાવાઝોડાની સંભાવનાને પગલે એલર્ટ : દરેક પરિસ્થિતિ ઉપર ચાંપતી નજર રાખવા આદેશ કરાયો

અમદાવાદ, તા.૩

ઓખી વાવાઝોડાનું સંકટ ગુજરાતમાં તોળાઈ રહ્યું છે. આવી સ્થિતિમાં તંત્ર સંપૂર્ણપણે સજ્જ થઈ ગયું છે. અરબી સમુદ્રમાં લક્ષદ્વિપ પાસે ઉદ્‌ભવેલુ ઓખી નામનુ વાવાઝોડુ ૩ થી ૭ ડિસેમ્બર દરમિયાન પશ્ચિમના દરીયાકાંઠા તરફના તમામ રાજયોને અસર કરે એવી સંભાવના નેશનલ ડીઝાસ્ટર સેલની સુચના બાદ ગુજરાતમાં દરીયાકીનારા પર તંત્રને એલર્ટ પર મુકવામા આવ્યુ છે એમાં પણ માંગરોળ અને માલિયા તાલુકામા તંત્રને હાઈએલર્ટ પર મુકવામા આવ્યું છે.નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ અને હવામાન વિભાગની આગાહી પ્રમાણે અરબી સમુદ્રમાં હાલ લક્ષદ્વીપ પાસે ઓખી વાવાઝોડુ કેન્દ્રીત થયેલુ છે.જે આગળ વધીને આગામી ૭ ડિસેમ્બર સુધીમાં દેશના દક્ષિણ-પશ્ચિમ તરફના વિસ્તારોમાં અસર કરશેઆ આગાહીમા ૫થી ૭ દરમિયાન વરસાદની પણ આગાહી કરવામા આવી છે.આ પરિસ્થિતિમાં માંગરોળ અને માળિયા તાલુકામા તંત્રને હાઈએલર્ટ પર મુકવામા આવ્યુ છે.જુનાગઢ જિલ્લામા તમામ તાલુકાઓને અગમચેતીના પગલા લેવા આદેશ કરવામા આવ્યો છે.આ ઉપરાંત તાલુકા કંટ્રોલરૂમ પર હાજર રહી દરેક મામલતદાર કક્ષાના અધિકારીઓને પરિસ્થિતિ ઉપર ચાંપતી નજર રાખવાના આદેશ આપવામા આવ્યા છે. ગુજરાતમાં આ વર્ષે મન ભરીને મેઘાની મહેર થઈ હતી. જોકે ફરીથી ભર શિયાળે ગુજરાતમાં મેઘવર્ષા થવાના અણસાર વર્તાઈ રહ્યાં છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે બંગાળના ઉપસાગરમાં ડીપ ડીપ્રેશનને કારણે 'ઓખી' વાવાઝોડુ આવ્યુ છે જેની અસર ગુજરાતના વાવાતરણમાં પડવાની શક્યતાઓ છે. જેને લઈ ગુજરાતના વાતાવરણમાં પલટો આવી શકે છે.

# સત્તાના દુરુઉપયોગ દ્વારા મારા ભાઈ પર હુમલો કરાયો : ઈન્દ્રનીલ

## ઈન્દ્રનીલના ભાઈ પર હુમલો કરનાર પાંચ આરોપીઓની પોલીસે ધરપકડ કરી

રાજકોટ,તા.૩

રાજકોટમાં દીપ રાજ્યગુરુ પર હુમલા મામલે તેમના ભાઈ અને કોંગ્રેસ નેતા ઈન્દ્રનીલ રાજ્યગુરુએ



ભાજપ પર સીધો આક્ષેપ કર્યો છે. તેમણે કહ્યું છે કે, રાજુ ડાંગર અને તેના સાગરીતોએ આ હુમલો કરાવ્યો છે. રૈયા રોડ પરના કનૈયા ચોકમાં બેનર હટાવવાના મુદ્દે આ હુમલો થયો હતો.

દીપ રાજ્યગુરુ પર હુમલા બાદ સીએમ બંગલે થયેલા હંગામા પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે, તેઓ અત્યારે પણ કોંગ્રેસમાંથી ધારાસભ્ય પદે તો છે અને તેઓ સીએમ બંગલે ધરણા કરવા જતા હતા. જેને રોક્યા હતા તેઓએ સીએમ વિજય રૂપાણી પર સત્તાના દુરઉપયોગનો પણ આરોપ લગાવ્યો છે.

સીએમ વિજય રૂપાણી સામે રાજકોટ પશ્ચિમ બેઠકથી કોંગ્રેસમાંથી ઉમેદવારી કરતા ઈન્દ્રનીલ રાજ્યગુરુએ ભાજપ હલકી કક્ષાએ ઉતરી આવ્યુ હોવાનો પણ આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે નીતિશ ભારદ્વાજ અને કમલેશ મિરાણીના ઈશારે પોલીસ લાઠી ચાર્જ કર્યો હતો.

આ સિવાય તેમણે કહ્યું કે પાંચ વર્ષથી તેમનો પરિવાર ગુંડાગર્દી સામે, ભ્રષ્ટાચાર સામે લડી રહ્યો છે. ત્યારે તેનો ભોગ પરિવાર બન્યો છે. ગઈકાલે રાતે મીડિયા પર પણ હુમલો થયો હતો. તે મુદ્દે પ્રતિક્રિયા આપતા કહ્યું કે, ભાજપ શાસનમાં મીડિયા પણ અસલામત છે.

ઈન્દ્રનીલ રાજ્યગુરુના ભાઈ દીપ એટલે કે દીવ્યનીલ રાજ્યગુરૂ પર હુમલાના કેસમાં ક્રાઈમ બ્રાન્ચે પાંચ જણાની ધરપકડ કરી છે. વહેલી સવારે ફરિયાદ બાદ દબાણ વધતા પોલીસે પાંચ જણાની ધરપકડ કરી છે.

# ભારતે ૫૩૬ રને દાવ ડિક્લેર કર્યો

ન્યુ દિલ્હી,તા.૩

દિલ્હી ટેસ્ટમાં સ્મોગને લઈને શ્રીલંકન ખેલાડીઓએ વારંવાર ફરિયાદ કરવાના કારણે વિરાટ કોહલીએ સાત વિકેટ પર

**શ્રીલંકાના ત્રણ વિકેટે ૧૩૧ રન : વિરાટે બેવડી સદી ફટકારી, શમી-ઈશાંત-જાડેજાને એક-એક વિકેટ મળી**

૫૩૬ રન બનાવીને ઈનિંગ ડિક્લેર કરી દીધી હતી. શ્રીલંકાએ બીજા દિવસના અંતે ૧૩૧ રન બનાવી ત્રણ વિકેટ ગુમાવી હતી. મેથ્યુઝ અને ચંદીમલ રમતા હતા. એન્જેલો મેથ્યુઝે અડધી સદી ફટકારી હતી. શ્રીલંકાની ઈનિંગની શરૂઆત ખરાબ રહી કારણ કે, પહેલા જ બોલ પર કરૂણારત્નેના રૂપમાં પહેલો ફટકો લાગ્યો હતો. શમીએ કરૂણારત્નેને વિકેટકિપર સાહાના હાથે કેચ આઉટ કરાવ્યો હતો. જ્યારે કેટલીક વાર પછી ધનંજય ડિ સિલ્વાને ઈશાંતે એક રન પર એલબીડબ્લ્યૂ કરીને બીજો ઝાટકો આપી દીધો હતો.

રવિન્દ્રજાડેજાએ દિલરૂવાન પરેરાને ૪૨ રને એલબીડબ્લ્યૂ આઉટ કરાવીને ટીમ ઈન્ડિયાને મહત્વપૂર્ણ ત્રીજી વિકેટ અપાવી દીધી હતી. પરેરાને આઉટ કર્યો તે વખતે મેથ્યૂઝ અને પરેરા ટીમને મોટી ભાગીદારી તરફ લઈને ચાલ્યા હતા. જોકે, જાડૂએ પરેરાને આઉટ કરીને તેમની પાર્ટનરશીપને તોડી નાંખી હતી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

૨૨ વર્ષથી વાણી અને વર્તનમાં
ઘમંડ અને
તોછડાઈ રાખનારના
અંતની
શરૂઆત
કોંગ્રેસ આવે છે
નવસર્જન લાવે છે